પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/કવા–૦૪/૧૫–૧૬/ 3529                તા. 27/08/15

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જગદીશભાઈ જમનદાસભાઈ ઉનડકટ
શ્યામવાડી પાસે, વીસી પ્લોટ, ખેડુત દુધ ડેરી,
ધોરાજી, રાજકોટ
મો : ૯૪૨૯૫ ૭૪૪૬૬

વિષય :–ખેત જોડાણ ના શીફટીગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૭૨/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 02

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ધોરાજી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 01 [E]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


કેસ નં. : સીજીઆરએફ : ૭૨/કવા–૦૪/૧૫–૧૬    **કમિટિ મીટીંગ તા.૧૯–૦૪–૧૬**    **સ્થળ :રાજકોટ**

## પક્ષકાર નં.: –(૧) વાદી :

**અરજદાર (ફરીયાદી) : નામ:** જગદીશભાઈ જમનદાસભાઈ ઉનડકટ, **ગામ:** ધોરાજી.

**રજુઆત કરનાર :** જગદીશભાઈ જમનદાસભાઈ ઉનડકટ હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

## પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :

**પીજીવીસીએલ (કચેરી) :** ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી(કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ધોરાજી)

**રજુઆત કરનાર :**યુ.વી.પટેલ, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી ધોરાજી

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ ના શીફ્ટીંગ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામ : ઉમરકોટ ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૮ પૈકી ૩ મા, સામાન્ય યોજના નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૨૯-૦૮-૨૦૦૯ ના રોજ અરજી નોંધાવેલ હતી. હાલ, આ અરજી માર્ચ -૧૫ મા મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. તેઓએ માંગણી મુજબ ની જમીન તા.૦૪ ૧૦ ૧૧ ના રોજ અન્ય ને વેચાણ આપેલ છે. જેથી, તેઓ શ્રી ની મુળ તા.૨૯ ૦૮ ૨૦૦૯ ની અરજી ને, તેમની માલીકી ના અન્ય સર્વે નંબર : ૪૪૩ ૯ મા શીફ્ટીંગ કરવાની અરજી તા.૨૭ ૦૩ ૧૫ ના રોજ નોંધાવેલ હતી. પીજીવીસીએલ તરફથી તેઓની આ અરજી માન્ય રખાયેલ નથી. હાલ મા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ છેલ્લા નિયમ મુજબ, તેઓની સદર અરજી નિયમાધીન માન્ય રહેવી જરૂરી હોય, આ માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી એ, તેઓના ગામ : ઉમરકોટ ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૮ પૈકી ૩ મા, સામાન્ય યોજના નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તા.૨૯ ૦૮ ૨૦૦૯ ના રોજ અરજી, જે પીજીવીસીએલ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ધોરાજી ખાતે નોંધાવેલ હતી. હાલ, આ અરજી માર્ચ ૧૫ મા મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. પરંતુ, તેઓએ માંગણી મુજબ ની જમીન એટલેકે ગામ: ખેતીવાડી સર્વે ઉમરકોટ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૮ પૈકી ૩ ની જમીન તા.૦૪ ૧૦ ૧૧ ના રોજ અન્ય ને વેચાણ આપેલ છે. જેથી, તેઓ શ્રી તેઓના મુળ તા.૨૯ ૦૮ ૨૦૦૯ ના રોજ ની, ગામ: ઉમરકોટ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૭૮ પૈકી ૩ મા નોંધાયેલ અને હાલ મંજુરી ના પ્રક્રીયા હેઠળ આવેલ, સદર સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની સદર તા.૨૯ ૦૮ ૨૦૦૯ ની અરજી ને, તેઓ શ્રી એ હાલ, તેઓ શ્રી ની માલીકી ના, પીજીવીસીએલ ની જામકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ ગામ: સોડવદર ના સર્વે નંબર : ૪૪૩ ૯ મા શીફ્ટીંગ મેળવવા માટે ની અરજી તા.૨૩ ૦૩ ૧૫ ના રોજ નોંધાવેલ છે.

**૨.૨** ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતવાળુ, અરજદારશ્રી એ, તેમની તા.૨૯ ૦૮ ૨૦૦૯ ની સામાન્ય યોજના હેઠળ ની હેઠળ ની, પીજીવીસીએલ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગામ: ઉમરકોટ ખાતે ના સર્વે નંબર મા નોંધાવેલ અરજી ને, પીજીવીસીએલ ની જામકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ ગામ: સોડવદર ના સર્વે નંબર : ૪૪૩ ૯ મા શીફ્ટીંગ મેળવવા માટે ની અરજી તા.૨૭ ૦૩ ૧૫ ના રોજ નોંધાવેલ છે. અરજદાર શ્રી ની સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૨૯ ૦૮ ૨૦૦૯ ની અરજી ને શીફ્ટીંગ મેળવવા નુ સ્થળ, '' જે અરજી તા.૨૯ ૦૮ ૨૦૦૯ ની નોંધાયેલ અરજી વાળી પીજીવીસીએલ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ ના કાર્યક્ષેત્ર હેઠળ ના ગામ: હેઠળ સમાવિષ્ટ નથી, પરંતુ, અન્ય પેટા વિભાગીય કચેરી એટલેકે જામકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ છે.'' આમ, સદર અરજી કેઈસ મા, નવા ખેતીવાડી વીજજોડાણ ને, શીફ્ટીંગ મેળવવા નુ સ્થળ એટલેકે ગામ મુળ પેટા વિભાગીય કચેરી ને બદલે અન્ય પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ ટેક એજીકને ૨૧૮૯, તા.૨૮ ૧૦ ૧૩ મા કરાયેલ જોગવાઈ ( બદલાયેલ પરીસ્થિતી ના અન્વયે નવીન ખેતીવાડી વીજજોડાણ વિશે આપવા માટે ના માર્ગદર્શન ના મથાળા હેઠળ ના મુદ્દા નં. (ક) મા કરાયેલ જોગવાઈ મુજબ) મુજબ '' સ્થળ તબ્દીલી વાળા સદર કેઈસ મા, માંગણી મુજબ નુ સ્થળ તબ્દીલી નુ સ્થળ, એટલેકે પીજીવીસીએલ ની મુળ સબંધક પેટા વિભાગીય કચેરી, એટલેકે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ધોરાજીના વહીવટીય ભૌગોલીક કાર્યક્ષેત્ર ની બહાર નુ સ્થળ હોય'' પીજીવીસીએલ ના નિયમાધીન અરજદાર શ્રી ને આ મુજબ ની સ્થળ તબ્દીલી આપી શકાય નહી.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી, જે – તેઓની મુળ તા.૨૯–૦૮–૨૦૦૯ ના રોજ ની, ગામ: ઉમરકોટ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૭૮ પૈકી ૩ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ધોરાજી હેઠળ નોંધાયેલ છે, તે તા.૨૯–૦૮–૨૦૦૯ ની અરજી ને,હાલ અરજદારે તેઓ શ્રી ની માલીકી ના, પીજીવીસીએલ ની જામકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ ગામ: સોડવદર ના સર્વે નંબર : ૪૪૩/૯ મા શીફટીંગ મેળવવા માટે ની તા.૨૭–૦૩–૧૫ ના રોજ પીજીવીસીએલ મા અરજી નોંધાવેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ ( બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતીવાડી વીજજોડાણ વિશે આપવા માટે ના માર્ગદર્શન – ના મથાળા હેઠળ ના – મુદદા નં. (ક) મા કરાયેલ જોગવાઈ મુજબ) મુજબ '' સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને, મુળ નોંધણીવાળા પીજીવીસીએલ ની મુળ સબંધક પેટા વિભાગીય કચેરી, એટલેકે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ધોરાજીના વહીવટીય / ભૌગોલીક કાર્યક્ષેત્ર ની અંદર ના જ ગામોમા, સ્થળ તબ્દીલી આપી શકાય." જયારે અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ સ્થળ, હૈયાત નોંધણીવાળી, પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ધોરાજી ની બહાર નુ સ્થળ, એટલેકે જામકંડોરણા પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગામ: સોડવદર ના સર્વે નંબર : ૪૪૩/૯ વાળુ સ્થળ હોય '' આવા કેઈસો મા, સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ના પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને, મુળ પેટા વિભાગીય કચેરી બહાર ની અન્ય પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ ના ભૌગોલીક વિસ્તાર મા સ્થળ તબ્દીલી આપી શકાય નહી. આ બાબત, જીયુવીએનએલ પ્રારીત ધારાધોરણ અન્વયે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન બાબત છે. જેથી, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ના સ્થળ તબ્દીલ ની અરજી, અત્રેના ફોરમ કમીટી તરફથી ગ્રાહય રખાયેલ નથી.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત, અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ સ્થળ તબ્દીલી ની માંગણી મુજબ નુ સ્થળ, જે, અરજદાર શ્રી ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી વાળી, પીજીવીસીએલ ની મુળ પેટા વિભાગીય કચેરી ધોરાજી ની વહીવટીય અને ભૌગોલીક કાર્યક્ષેત્ર બહાર ની, એટલેકે પીજીવીસીએલ ની જામકંડોરણા પેટા વિભાગીય કચેરી ના વહીવટીય અને ભૌગોલીક કાર્યક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ હોય, આમ, અરજદાર ના સદર તબ્દીલી કેઈસ મા, માંગણી મુજબ ના સ્થળ તબ્દીલી વાળા સ્થળ વાળી પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી બદલતી હોય, આવા કેઈસો મા, જીયુવીએનએલ પ્રારીત ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન બાબતો ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની સ્થળ તબ્દીલી ની અરજી, જે અગાઉ પીજીવીસીએલ કક્ષાએથી ગ્રાહય રખાયેલ નથી.તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. આવા નિયમાધીન કારણોસર અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી ગ્રાહય રહેલ નથી.

( કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..